વિનાતિ.

આ પુસ્તકના ઉપયોગીપણા ઉપર નજર કરતાં તેની કિંમત ઘણીજ થોડી છે. તેની ખરીદી બદલે ખર્ચેલા પૈસા તદન શુભ માર્ગે ખર્ચેલા ગણાશે. કિંમત ખર્ચી પુસ્તક લેઈ તેનો ઉપયોગ કરવાથી સંસ્કૃતભાષા, કાવ્ય શાસ્ત્ર, અને ભક્તિમાર્ગને સારી રીતે ઉત્તેજન મળશે.

કેશવલાલ ઉમીઆશંકર ત્રિવેદી

કપડવંજ.

ॐ श्रीः

गणेशं गिरिशं गोपं गोपतिं गिरिजां तथा ।

अश्रान्तं भ्रान्तिशान्त्यर्थं प्रणमामि पुनःपुनः ॥

१ गणपतिस्तोत्रम्



गणपतिस्तोत्रम्.

सिंदूरचर्चितसुशोभितविग्रहाय
भालेक्षणाय भजतां भयभंजनाय ॥
कान्ताद्वयेन सततं परिसेविताय
तस्मै नमः सपदि शैलसुतासुताय ॥१॥

ગણપતિસ્તોત્ર.

સિંદૂરલેપનવડે તન ભવ્ય ભાસે,
ચક્ષુ કપાળ ભજતાં ભય સર્વ નાસે;
સેવાઇ બે સરસ સુંદરીથી રહ્યોરે,
તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે ૧

गणपतिस्तोत्रम्.

दन्ताचलेन्द्रवदनाय विनायकाय
द्वैमातुराय कपिलाय गणेश्वराय ॥
विघ्नेश्वराय विपदर्णवतारणाय
तस्मै नमः सपदि शैलसुतासुताय ॥२॥

ગણપતિસ્તોત્ર.

હસ્તી તણું વદન, વિનયને બતાવે,
બેમાત પુત્ર, પીત વર્ણ, ગણેશ કા'વે;
તારે હરીઃ વિઘ્ન સાગર દુઃખનોરે,
તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે ૨

गणपतिस्तोत्रम्.

लंबोदराय सुमुखाय सतांप्रियाय
आखुध्वजाय विकटाय वरप्रदाय ॥
भालाब्धिजाय भजतां भवरोगहन्त्रे
तस्मै नमः सपदि शैलसुतासुताय ॥२॥

ગણપતિસ્તોત્ર.

પંડિત પ્રિય, મુખ સુંદર, દુંદ વાળો,
ઊંદીરસ્વાર, વિકટો, વર આપનારો
રાત્રીશ ભાલ, ભવરોગ કરે પરોરે,
તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે ૩

गणपतिस्तोत्रम्

शंभोः सुताय सुखदाय सुरप्रियाय
एकद्विजाय शशिसुंदरविग्रहाय ॥
शुक्लांबराय वृजिनौघविनाशकाय
तस्मै नमः सपदि शैलसुतासुताय ॥१॥

ગણુપતિસ્તોત્ર.

શંભુકુમાર, સુખદ, સુરને વહાલો,
છે એક દંત, શશિ તુલ્ય શરીર વાળો;
વસ્ત્ર સફેદ, અવ બોધ કરે પરારે,
તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે ૪


गणपतिस्तोत्रम्.

सिद्धिप्रियाय सकलप्रथमार्चिताय
बुद्धिप्रियाय बहुशो बलदायकाय ॥
योगेश्वराय यमराजभयापहाय
तस्मैनमः सपदि शैलसुतासुताय ॥५॥

ગણપતિસ્તોત્ર.

સિદ્ધિપતિ, પ્રથમ પૂજન પામનારો,
બુદ્ધિપતિ, બલ અતિશય આપનારો;
યોગીપતિ, ભય હરે યમરાજનોરે,
તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે ૫

२ शिवस्तोत्रम्



शिवस्तोत्रम्.

स्वर्गस्खलत्सुरसरिताशिरसावहन्तं
कंठे जगद्भयददद्भुतकालकूटम् ॥
कामान्तकं करिवरांतकमंधकान्तम्
तं त्र्यम्बकं स्मरहरं हरमाश्रिताः स्मः ॥१॥

શિવસ્તોત્ર.

જેણે જટાથી જગ જાહ્નવી કેરૂં ઝીલ્યું,
ઝેરે કરી થઈ રહ્યું ગળું જેનું નીલું;
કામારિ, અંધકઅરિ, કરિના અરિરે,
તે શિવનું શરણ સર્વ રહો કરીરે ૧

शिवस्तोत्रम्.

वृंदारकाधिपतिवंदितपादपद्मम्
वंदारुकल्पकुटमञ्जकलाललाटम् ॥
भस्मांगलेपनविभेश्वरचर्मवस्त्रम्
तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताः स्मः ॥२॥

શિવસ્તોત્ર.

નિત્યે નમે સુરપતિ પદપદ્મ જેને,
છે કલ્પવૃક્ષરુપ જે ભજનાર તેને;
જેણે સ્મશાન તણી ભસ્મ ધરી શરીરે,
તેશિવનું શરણ સર્વ રહો કરીરે ૭

शिवस्तोत्रम्

पंचाननं प्रमथभूतसमूहसंगम्
कर्पूरचूर्णचयगौरगभीरगात्रम् ॥
तेजोमयं त्रिनयनं दयितार्धदेहम्
तंत्र्यंबकंस्मरहरं हरमाश्रिताः स्मः ॥३॥

છે પંચ મુખ, ભૂત પ્રેત સદાય સંગે,
ગોરા અતિ કર્પૂરચૂરણતુલ્ય અંગે;
અર્ધું સ્ત્રી અર્ધ પુરૂષાકૃતિ છે શરીરે,
તે શિવનું શરણ સર્વ રહો કરીરે ૩

शिवस्तोत्रम्.

सिक्तंतमापदनले करूणाकबंधम्
व्याघ्राजिनांबरधरं शरजन्मतातम् ॥
काकोदराधिपकलेवरकंठबन्धम्
तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताः स्मः॥ ८॥

છાંટે કૃપા સલિલ સંકટ અગ્નિમાંજે,
શાર્દૂલચર્મ તન, સ્કંદ તણો પિતા જે;
કંઠે રહ્યા સરપ રોજ વિંટી વળીરે,
તે શિવનું શરણ સર્વ રહો કરીરે ૪

भिक्षाभुजं भवरुजं भजतां हरंतम्
मृत्युंजयं जपवतां जयमावहन्तम् ॥
भूताधिपं भयहरं स्मरतां शरण्यम्
तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताः स्मः ॥ ५ ॥

ભિક્ષાન્નભોગી, ભવરોગ ભજે હણે જે,
મૃત્યુ નાશ અરિ, જપે જનક પૂર્ણ હેતે;
ભીતિ હરે ભૂતપતિ સ્મરનાશની છે,
તે શિવનું શરણ સર્વ સ્નેહ કરીએ ૫.

३ विष्णुस्तोत्रम्



स्रोतस्वतीपतिसुतादयितासुरारे
मेघौघमूर्तिधर मारगुरो मुरारे ॥
दामोदरापद्वसान दयार्द्रदृष्टे
अस्मानवेश्वरनतान्पतितान्भवेस्मिन्॥१॥

વિષ્ણુસ્તોત્ર.

હે ઈશ, સાગરસુતાપતિ, દાનવારિ,
પ્રદ્યુમ્નતાત, ઘનશ્યામ, હરે મુરારિ
દામોદર ત્રિવિધ તાપ તમામ ટાળી,
સંસારસાગર થકી પ્રભુ લે તું તારી ૧

विष्णुस्तोत्र .

कौमोदकीकमलकंजरथांगहस्त
गोपालबाल हरिभक्तविपत्समस्त ॥
सीतापते रघुपते दशकंठवैरिन्
अस्मानवेश्वर नतान्पतितान्भवाब्धौ ॥

વિષ્ણુસ્તોત્ર.

હસ્તે ગદા, કમળ, ચક્ર, શંખ ધારી
ગોપાળબાળ, સહુ ભક્તલોકો હિતકારી;
સીતાપતિ, રઘુપતિ, દશમસ્તકારિ,
સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી ૨

गोवर्धनोद्धरणनाशितशक्रदर्प
कंदर्पतात कृतसर्पभुजंगपीठ ॥
भोगीन्द्रभोगशयनाब्जदिवाकराक्ष
अस्मानवेश्वर नतान्पतितान्भवेऽस्मिन् ॥३॥

विष्णुस्तोत्र:

તોળી ગિરિ ગરવ ઇંદ્ર તણો તજાવ્યો,
બેશી [illegible] દેહ [illegible] દિપાવ્યો;
ભાનુ શશિ નક્ષત્ર શેષનો સેજ સારી,
સંસાર સાગર થકી પ્રભુ સેતુ તારી. ૩.

विष्णुस्तोत्रम्.

बालातपांशुक कुशेशयनाभ विष्णो
अंभोरुहाक्ष धृतमंदरशैलपृष्ठ ॥
नानावतारहृतभूमिभरार्तिबंधो
अस्मानवेश्वर नतान्पतितान्भवेस्मिन् ॥१॥

વિષ્ણુસ્તોત્ર.

નાભિ વિષે કમળ, કાંચનવર્ણ વસ્ત્ર,
ધાર્યો સમુદ્ર મથને ગિરિરાજ પૃષ્ઠ;
ભૂભાર ધારી અવતાર દીધો ઉતારી,
સંસાર સાગર થકીપ્રભુ લે તું તારી ૪


विष्णुस्तोत्रम्.

योगींद्र योगभव योगिसमूहसेव्य
देवाधिदेव भवसागरनाविकेश ॥
तापत्रयापदवसान दयानिधान
अस्मानवेश्वर नतान्पतितान्भवेऽस्मिन्॥५॥

વિષ્ણુસ્તોત્ર.

સેવાય યોગિપતિ યોગિ વડે હમેશ,
દેવાધિદેવ ભવસાગર નાવિકેશ;
સંસાર શોક હરનાર દયાળ ભારી,
સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી ૫

४ सूर्यस्तोत्रम्



सूर्यस्तोत्रम्.

यद्वन्दनं सपदि हन्ति विपन्नराणां
यद्दर्शनाद्विलयमाशु भयं प्रयाति ॥
दातासुखस्य सकलस्य हृदेप्सितस्य
तं भास्करं भवभयान्तकमानताःस्मः॥१॥

જેની સ્તુતિ મનુષ્ય સંકટ સર્વ ટાળે,
જે દેઇ દર્શન સહુ ભયને વિદારે;
ઇચ્છેલ વસ્તુ સઘળી પૂરી પાડનારો,
તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો

सूर्यस्तोत्रम्.

येनप्रकाशितमिदंकिल भूर्भुवःस्वः
येनोद्भवस्थितिलया जगतां भवन्ति ॥
नित्यं नमन्ति नियता यमसर्त्यमर्त्याः
तं भास्करं भवभयान्तकमानताःस्मः॥२॥

જેના વડે કરી ત્રિલોક સદા પ્રકાશે,
ઉત્પત્તિ, સ્થિતિ, લય, આજગમધ્યભાસે;
જેને નમે અમરને નર રાત દાડો,
તે જન્મ દુઃખ હર સૂરજ ઉર ધારો. ૨

सूर्यस्तोत्रम्.

आखंडलाद्यदितिनंदनवृंदगीतम्
यन्मंडलं विधिवृषध्वजविष्णुवंद्यम् ॥
तापत्रयं विलयमेति यदाश्रितानाम्
तं भास्करं भवभयान्तकमानताःस्मः ॥३॥

સૂર્યસ્તોત્ર.

ઇંદ્રાદિ દેવગણ ગીત હમેશ ગાયે,
જેને [illegible]પડે નિત હરિ, હર, બ્રહ્મ, પાએ;
ભકતો તણા ત્રિવિધિ તાપ શમાવનારો,
તે જન્મ દુઃખ હર સૂરજ ઉર ધારો ૩

सूर्यस्तोत्रम्.

यो ब्रह्मभूतपतिकैटभघातकात्मा
यो बिभ्रतीदमखिलं कृपया सदैवम् ॥
यस्यार्चनाद्यमभयं लयमेति सद्यः
तं भास्करं भवभयान्तकमानताः स्मः ॥४॥

સૂર્યસ્તોત્ર.

બ્રહ્મા મહેશ્વર હરિં રૂપ દેહ ધારી,
રક્ષે કૃપા કરી સહુ જગ જેહ દાઠી;
આવે પૂજ્યાથી જલદી જમત્રાસ આરો,
તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો ૪

सूर्यस्तोत्रम्.

यश्चैकचक्ररथ ईश्वर आर्त्तबंधुः
योऽनूरुयंतृहरिदश्वरथोऽसुरारिः ॥
दातान्नपानबलविक्रमतेजसां यः
तं भास्करं भवभयान्तकमानताःस्मः॥५॥

સૂર્યસ્તોત્ર.

હે એક ચક્ર રથ નાથ અનાથ નાથ,
દૈત્યારિ સારથિ અરુણ સુ અશ્વ સાત;
જે અન્ન પાન બળ પ્રાક્રમ આપનારો,
તે જન્મ દુ:ખ રગ મગજ [illegible] ધારો ૫

५ पार्वतीस्तोत्रम्



पार्वतीस्तोत्रम्.

सिंहस्थितां शशिमुखीं शशिखण्डभालाम्
खड्गत्रिशूलवरचापसुशोभिहस्ताम् ॥
शैलात्मजां सुमतिदां सुगतिप्रदात्रीम्
तां पार्वतीं पशुपतेः प्रणमामि पत्नीम् ॥१॥

પાર્વતીસ્તોત્ર.

સિંહે સવારી શશિમુખ શશિ કપાળે,
હસ્તે ત્રિશૂળ, શર, ખડ્ગ, ધનુષ્ય ધારે;
ગિરિસુતા શુભ ગતિ મતિ આપનારી,
સેવો સદાપશુપતિ તણી પ્રાણપ્યારી ૧

पार्वतीस्तोत्रम्.

विश्वं यया ततमिदं सततं समस्तम्
मायामजस्य जननीं जगतोऽखिलस्य।
यामाश्रिताघमयमाशु लयं भजेत
तां पार्वतीं पशुपतेः प्रणमामि पत्नीम्॥२॥

પાર્વતીસ્તોત્ર.

વ્યાપી સદા સકળ સૃષ્ટિ વિષે રહેલી,
માયા હરિની જનની જગ સર્વ કેરી;
કષ્ટ સ્વ સેવક તણાં સહુ ટાળનારી,
સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી ૨.

पार्वतीस्तोत्रम्.

या मर्त्यमर्त्यगणवंदितपादपद्मा
या चेप्सितं च सकलं सफलं करोति ॥
दूरीकरोति दुरितानि निराश्रितानाम्
तां पार्वतीं प्रणतः नमाम नमतीह ॥

પાર્વતીસ્તોત્ર.

જેના સદા અમરને નર ચર્ણ સેવે,
શૂરી સદા સકળ વાંછિત વસ્તુ દેવે;
પાપ સ્વસેવક તણાં પરજાળનારી,
સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી ૩

पार्वतीस्तोत्रम्.

तुष्टा करोति पशुपुत्रहिरण्यवृद्धिम्
रुष्टा ददात्यमितभीतिमहर्निशं या ॥
सर्वत्र सेवकजनस्य जयं जनित्रीम्
तां पार्वतीं पशुपतेः प्रणमामि पत्नीम् ॥ ८ ॥

થાતાં પ્રસન્ન ધન પુત્ર પશુ વધારે,
રૂઠે કદાપિ ભય દે બહુ સર્વ કાળે;
સેવા કર્યાથી અતિ જિત જમાવનારી,
સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી ૪

पार्वतीस्तोत्रम्.

देवैर्महेन्द्रमहितैरभिवंद्यमाना
या व्योमकेशविधिविष्णुसुपूजिता च ॥
या स्वाश्रयाखिलजनस्य निहन्ति चिन्तां
तां पार्वतीं पशुपतेः प्रणमामि पत्नीम् ॥१॥

પાર્વતીસ્તોત્ર.

ઇંદ્રાદિ દેવ નમતા નિત્ય લાગી પાએ,
બ્રહ્મા હરિ હર મળી નિત્ય ગીત ગાએ;
ચિંતા હરી અશુભ સર્વ શમાવનારી,
સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી ૫

उमाशंकरांगोद्भवः केशवोऽहम्
स्तुतीनामिदं पंचकं यः करोमि ॥
बुधैर्धैर्यैऽत्र दोषा हि दृश्यन्त अस्मिन्
कृपासागराः क्षन्तुमर्हन्ति ते तान् ॥

समाप्तम्

अनुक्रमः